# रामसिंहपुरा की औरतें




लेखक- श्रीमती सुनीता

रेखांकन- साक्षी निराली अने सिरी शंकरतोटा

# आभार


## कार्यक्रम समन्वयक

प्रो. उषा शर्मा, *प्रोफ़ेसर एवं प्रभारी,*
राष्ट्रीय साक्षरता केंद्र प्रकोष्ठ, एन.सी.ई.आर.टी., दिल्ली

## लेखन

श्रीमती सुनीता

## चित्रांकन, सज्जा एवं आवरण

साक्षी शिराली एवं सिरि शंकरतोटा

## मार्गदर्शन

प्रो. नीना सबनानी, *एनिमेटर एवं सहायक संकाय*,
डिज़ाइन विभाग, भारतीय प्रौद्योगिकी संस्थान, हैदराबाद

## आभार ज्ञापन

श्री श्याम सिंह सुशील, *लेखक*
श्री अक्षय कुमार दीक्षित, *मेंटर,* शिक्षा निदेशालय, दिल्ली प्रशासन, दिल्ली
डॉ. प्रसाद एस ओंकार, *प्रमुख (डिज़ाइन) एवं एसोसिएट प्रोफ़ेसर*, आई.आई.टी., हैदराबाद
प्रो. दीपक जॉन मैथ्यू , *प्रोफ़ेसर* , डिज़ाइन विभाग, आई.आई.टी., हैदराबाद
श्री डेल्विन जूड रेमेडियोज, *सहायक प्रोफ़ेसर*, डिज़ाइन विभाग, आई.आई.टी., हैदराबाद
श्रीमती अंकिता रॉय, *सहायक प्रोफ़ेसर*, डिज़ाइन विभाग, आई.आई.टी., हैदराबाद
डॉ. मोहम्मद शाहिद, *सहायक प्रोफ़ेसर*, डिज़ाइन विभाग, आई.आई.टी., हैदराबाद
डॉ. सौरव देवरी, *सहायक प्रोफ़ेसर*, डिज़ाइन विभाग, आई.आई.टी., हैदराबाद
डॉ. शुहिता भट्टाचार्जी, *सहायक प्रोफ़ेसर*, उदार कला विभाग, आई.आई.टी., हैदराबाद
श्री गौतम गोस्वामी, *सहायक प्रोफ़ेसर*, एनीमेशन एवं मल्टीमीडिया विभाग,
बिरला प्रौद्योगिकी संस्थान, जयपुर
श्री मोहम्मद शाह आलम, *वरिष्ठ परामर्शदाता (आई.सी. टी.)*,
राष्ट्रीय साक्षरता केंद्र प्रकोष्ठ , एन.सी.ई.आर.टी., दिल्ली
सुश्री भावना खेड़ा, *कनिष्ठ परियोजना अध्येता*,
राष्ट्रीय साक्षरता केंद्र प्रकोष्ठ, एन.सी.ई.आर.टी., दिल्ली

उल्लास
ULLAS
जन जन साक्षर
नव भारत साक्षरता कार्यक्रम



# રામસિંહપુરાની મહિલાઓ




લેખક

શ્રીમતી સુનીતા

રેખાંકન

સાક્ષી નિરાલી અને સિરી શંકરતોટા



विद्यया ऽमृतमश्नुते

एन सी ई आर टी
NCERT

राष्ट्रीय शैक्षिक अनुसंधान और प्रशिक्षण परिषद्
NATIONAL COUNCIL OF EDUCATIONAL RESEARCH AND TRAINING


"શુષ્ક પ્રદેશ રાજસ્થાનના કાળી માટીના વિસ્તારને બોલચાલમાં માડ અથવા કાલા માડ કહેવામાં આવે છે.
આ લણણી પછીના દિવસો હતા.
ઉનાળામાં ધૂળની ડમરીઓ શરૂ થઈ ગઈ હતી.
આ દિવસોમાં માડના ગામડાઓમાં લગ્નગાળો પણ હોય છે. રામસિંહપુરા આવું જ એક નાનકડું ગામ છે.
મા, ગામમાં ખૂબ જ ઉત્સાહ અને ચહલપહલ છે.
હા, કાલે તારા મામાના દીકરાના લગ્ન છે. આખું ગામ આપણી ખુશીમાં સહભાગી છે.
હું મારી માતા સાથે મારા મામાના ઘરે આવી હતી.


લગ્નના દિવસે, ગામના બધા પુરુષો વર સાથે જાનમાં કન્યાના ગામમાં ગયા.
बाई-बाई!
અડધું ગામ ખાલી હતું!


મમ્મી, આપણે કેમ નથી જઈ રહ્યા?
આપણે વહુના આગમનની તૈયારીઓ કરવાની છે.


ચાલો, ઘરના બધા કામ પતાવીને સાંજે મળીએ.


સાંજે બધી સ્ત્રીઓ મામાના ઘરે આવી. સગડીના અજવાળામાં બધાએ ગાવાનું અને નાચવાનું શરૂ કર્યું.


ત્યારે અચાનક થોડે દૂર એક તેજસ્વી પ્રકાશ દેખાયો.
અરે! પેલું શું છે?
કોઠારમાં આગ લાગી છે!


भागो!
कोई जानवरों को छुड़ाओ!
आग!
आग!
गाँव जल गया तो ?!
भागो!
રચના દીકરી, મારી સાથે જ રહે!
બધી કીમતી ચીજો પૅક કરી લો!
રામોતી ગામ છોડીને જાય છે?
આપણું બધું અહીં છે. આપણે ક્યાં જઈશું?


જો ગામમાં એક પણ પુરૂષ હોત તો તળાવ પર એન્જિન ચલાવીને આગ ઓલવી શકાઈ હોત.
આજે પુરુષોની ખોટ પડી ગઈ. અમને એન્જિન કેવી રીતે ચલાવવું તે ખબર નથી.
કેશંતિ, તું શું વિચારે છે?



એન્જિન ચાલશે તેની કોઈ ખાતરી નથી. પણ હું પ્રયત્ન કરીને તો જોઈ શકું ને.
એન્જિનને તળાવ સુધી લઈ જવા માટે કોઇને ટ્રેક્ટર કેવી રીતે ચલાવવું તે પણ તો આવડતું નથી!
હવે આ એક અલગ સમસ્યા હતી.


લાકડાના પ્લેટફોર્મ કે જેના પર એન્જિન રાખવામાં આવ્યું છે તેના પર પહેલેથી જ પૈડાં છે. આપણે સાથે મળીને તેને તળાવ સુધી ખેંચી શકીએ.
हईशा !
हईशा !


બધા સાથે મળીને એન્જિનને તળાવના કિનારે લઈ ગયા.
આગ આપણી તરફ ઝડપથી આગળ વધી રહી છે!
આપણને કેટલીક વધુ વસ્તુઓની પણ જરૂર છે.
પાઇપ
સ્ક્રુ ડ્રાઈવર
રેંચ
એક પછી એક પાઈપો જોડવામાં આવી અને તેને ખેતરમાં દૂર સુધી પહોંચાડાઇ
ખેતરોને પાણીથી ભરી દો જેથી આગ વધુ ન ફેલાય!




આગ ચોક્કસપણે પાણીથી ભરેલા ખેતરોમાં પહોંચી પણ ત્યાંથી આગળ વધી શકી નહીં. જ્યાં હતી ત્યાં જ અટકી ગઇ. આગને ઝૂકી જવું પડ્યું અને તે બુઝાઈ ગઈ.

રામસિંહપુરાની મહિલાઓ કાળી રાત્રે તળાવ પાસે ઉભી હતી. તેમનો શ્વાસ ફૂલી ગયો હતો. એક ક્ષણ માટે બધું શાંત થઈ ગયું. પછી ચારે તરફ ખુશીની લહેર ફેલાઈ ગઈ.




જાન બીજા દિવસે પરત ફરી પુરષોના પાછા ફરવાથી અડધું ખાલી ગામ ફરી ભરાઈ ગયું.
કેશંતિ! મહિલાઓ કહી રહી હતી કે એન્જિન કેવી રીતે ચાલું કર્યું
ભાઈ, હું તમને એન્જિન ચલાવતા જોતી હતી. તેનો પ્રયાસ કર્યો અને તે કામ કરી ગયો
અરે વાહ! હવે હું તને ટ્રેક્ટર ચલાવતા પણ શીખવીશ!




विद्ययाऽमृतमश्नुते

एन सी ई आर टी
NCERT

राष्ट्रीय शैक्षिक अनुसंधान और प्रशिक्षण परिषद्
NATIONAL COUNCIL OF EDUCATIONAL RESEARCH AND TRAINING